RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# CGST અમદાવાદ ઝોન તથા ગુજરાત સ્ટેટ GST ના સંયુકત ઉપક્રમે પ્રિન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ વેબીનારમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા GST ને લગતા પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ...

તાજેતરમાં તા.૧૨ અને ૧૩ નવેમ્બર ૨૦૨૪ ના રોજ CGST અમદાવાદ ઝોન તથા ગુજરાત સ્ટેટ GST ના સંયુકત ઉપક્રમે પ્રિન્સીપાલ ચીફ કમિશ્નશ્રીમતી બી.વી. શિવાનાગા કુમારીની અધ્યક્ષતામાં તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં GST અંતર્ગત સુધિઓમાં વધારો કરવા, રિફંડ અંગે, ઓડિટ અંગે તેમજ ફરીયાદોનું નિરાકરણ લાવવા વિગેરે બાબતો માટેના પ્રશ્નો-સુચનો રજુ કરવા ટેક્ષપેયર્સ તથા ટ્રેડ એસોસીએશનો સાથે વેબીનાર યોજવામાં આવેલ.

જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઓનલાઈન જોડાયેલ હતા. જેમાં ખાસ કરીને સમગ્ર GST પ્રક્રિયામાં ઘણા બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેર રીતી આચરવામા આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવું પડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતીભર્યા પગલા હોવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવેલ તેમજ GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવું જરૂરી છે. તેમજ રીસ્કી એકસપોર્ટરનું ટેગ હોય તો તેઓને મીનીમમ ૭૦% રીફંડ આપવા રજુઆત કરવામાં આવેલ છે.